**વડાપ્રધાન મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પર સંકટના વાદળો છવાયા**

# સુરત ડાયમંડ બુર્સના CEO મહેશ ગઢવીનું રાજીનામું, તરેહ તરેહની ચર્ચા

**બેંકોની** શાખાઓ, અમુલ, સુમુલના રેસ્ટોરન્ટ બંધ થવા સાથે મેઇન્ટેનન્સ ખર્ચ વધ્યો, ઓફિસ ધારકો મેઇન્ટેનન્સ આપતા નથી

**ઉપરાંત** આવક ઘટતા ગઢવીએ રાજીનામું આપ્યાના મેસેજ **સોશિયલ** મીડિયામાં મેસેજ વાયરલ થયા

### મહેશ ગઢવીનું રાજીનામું કોઈપણ આર્થિક કે મેનેજમેન્ટ સંબંધિત મુદ્દાઓને કારણે નથી : SDB

SDB કમિટીના પ્રવક્તા લાલજીભાઈ પટેલે કમિટી વતી CEO મહેશ ગઢવીના રાજીનામા અંગે સત્તાવાર નિવેદન જાહેર કરતા કહ્યું હતું કે, મહેશભાઈ ગઢવી પ્રોજેક્ટ મેનેજમેન્ટ માટે SDB સાથે જોડાયેલા હતાં. 2 વર્ષ પહેલાં બાંધકામનું કામ પૂર્ણ થયું હતું, છતાં પણ કમિટીના આગ્રહને કારણે તેઓ 2 વર્ષ સુધી SDB સાથે જોડાયેલા રહ્યાં હતા. હાલ અન્ય જગ્યા પર તેમને સારી તક મળી રહી છે, તેથી તેઓ જઈ રહ્યા છે. ઘણા સમય સુધી મહેશભાઈ ગઢવીએ સુરત SDB મા મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેમના પ્રભાવશાળી નેતૃત્વ અને નિષ્ઠાને અમે વધાવીએ છીએ. કેટલીક અફવા અને ગેરસમજોને દૂર કરવા માટે, અમે સ્પષ્ટ કરીશું કે મહેશ ગઢવીનું રાજીનામું કોઈપણ આર્થિક કે મેનેજમેન્ટ સંબંધિત મુદ્દાઓને કારણે નથી.

સુરત : સુરત ડાયમંડ બુર્સ (SDB) ની સ્થાપના સાથે CEO તરીકે જોડાયેલા મહેશ ગઢવીએ અચાનક CEO તરીકે રાજીનામું આપી દીધું હતું. સુરત ડાયમંડ બુર્સ કમિટીના વાઇસ પ્રેસિડેન્ટ અને પ્રવક્તા લાલજીભાઈ ટી. પટેલ ((ઉગામેડી) એ 'ગુજરાતમિત્ર'ને જણાવ્યું હતું કે, મહેશભાઈ ગઢવી કિરણ હોસ્પિટલનાં પ્રોજેક્ટમાં જોડાયા હતા. તેમની સારી કામગીરીને ધ્યાને અમે સુરત ડાયમંડ બુર્સમાં CEO તરીકે નિયુક્ત કર્યા હતાં. તેઓ બાંધકામ ઉદ્યોગના એક્સપર્ટ હોવાથી છેલ્લા એક વર્ષથી તેઓ અમને પોતાના મનગમતા વ્યવસાયમાં પરત જવા જણાવી રહ્યાં હતાં, તેમણે અમને વિનંતીસહ સ્વેચ્છાએ રાજીનામું આપી મંજૂર કરવાનો આગ્રહ સેવ્યો હતો. જે અમે માન્ય રાખ્યો છે. જોકે આ મામલે મહેશ ગઢવીનો સંપર્ક કરતા તેઓ પ્રતિક્રિયા માટે ઉપલબ્ધ રહ્યાં નથી.

આજે દિવસભર સોશિયલ મીડિયામાં મહેશ ગઢવીના નામે મેસેજ વ્હેતા થયા હતા, જેમાં જણાવ્યું હતું કે, સુરત ડાયમંડ બુર્સના CEO મહેશ ગઢવીએ રાજીનામું આપ્યું છે, બુર્સના બેંકોની શાખાઓ, અમુલ ડેરીની ઈન્ટરનેશનલ ચેઈનનું આઇસક્રીમ પાર્લર અને ફૂડ કોર્ટ, સુમુલ ડેરીનું માસ્ટર શેફ રેસ્ટોરન્ટ બંધ થવા સાથે મેઈન્ટેનન્સ ખર્ચ વધ્યો હતો. ઓફિસ ધારકો જોઈએ એવો હીરાનો વેપાર થતો ન હોવાથી નિયમિત મેઈન્ટેનન્સ ભરી રહ્યા નથી. એ જોતાં આવક ઘટતા ગઢવીએ પરિસ્થિતિને ધ્યાને રાખી પોતાના મનગમતા વ્યવસાયમાં પરત ફરવા રાજીનામું આપ્યું છે.

હજી 21 ફેબ્રુઆરીએ સુરત ડાયમંડ બુર્સમાં નાના હીરા વેપારીઓ માટે તૈયાર થયેલી 152 રેન્ટલ ટ્રેડિંગ કેબિનોનું ઉદ્ઘાટન સુરતના મેયર દક્ષેશ માવાણીનાં હસ્તે થયું હતું. કેબિન મેળવનાર વેપારીઓને એક વર્ષના ભાડામાં 33% માફી અપાઈ, એક વર્ષ કેબિન વાપરવા માટે માત્ર 8 મહિનાનું જ ભાડું ચૂકવવું પડશે, એવી જાહેરાત બુર્સ કમિટીના પ્રવક્તા લાલજીભાઈ પટેલે કરી હતી. જેમાં નાના વેપારીઓ માટે ટ્રેડિંગ માટે 152 જેટલી અત્યાધુનિક સુવિધાઓ સાથેની કેબિનો તૈયાર કરવામાં આવી છે.

## સગીરા પર બળાત્કાર ગુજારી અશ્લિલ ફોટા અને વીડિયો વાયરલ કરનાર આરોપી પકડાયો

સુરત : લિંબાયત પોલીસે સગીરા પર બળાત્કારના કેસમાં ફરાર આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓએ સગીરા પર બળાત્કાર ગુજાર્યો હતો અને તેના અશ્લિલ ફોટા અને વીડિયો બનાવીને તેની ફેક આઈડી બનાવી સોશિયલ મીડિયા સાઈટ્સ પર વાયરલ કર્યા હતા.સર્વેલન્સ સ્ટાફની ટીમ અપહરણ, બળાત્કાર જેવા ગંભીર ગુનાઓમાં ફરાર આરોપીઓને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવીને કામ કરી રહી હતી. આ દરમિયાન બાતમીદાર પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસે આરોપી અરબાઝ યુસુફ મન્સૂરી (રહે. સિદ્દીકી નગર ઉન) ની ધરપકડ કરી હતી. આરોપીની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે આરોપીએ એક સગીરાનું અપહરણ કર્યું હતું અને પછી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો અને તેના અશ્લિલ ફોટા અને વીડિયો બનાવીને ઈન્સ્ટાગ્રામ પર તેની ફેક આઈડી બનાવી વાયરલ કર્યા હતા. આ કૃત્ય કર્યા પછી આરોપી ભાગી ગયો હતો. બીજી તરફ પોલીસે તેની સામે ગુનો નોંધીને તેની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પોલીસે તેને પકડીને આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

**IPL સટ્ટાનો કિંગપિન: 'વર્દીધારી'નું વોટ્સએપથી IPL સટ્ટાનું ઓપરેશન હજી ચાલુ!**

# "ઉપર મોટા સાહેબ સાથે વાત થઇ ગઇ છે, બસ જેટલી રકમ કહી એટલી પહોંચતી કરો."

**વિવાદનું** બીજુ નામ બની ગયેલો આ બેફામ 'વર્દીધારી' અનેક વખત સસ્પેન્ડ થયેલો, હાલ જિલ્લા બહાર નોકરી છતાં સુરતમાં જ પડ્યો-પાથર્યો!

**પોતાના** ખાતાનું તમામ 'વહિવટ-સેટિંગ' ચલાવતો હોવાનો ફાંકો રાખતો આ 'વર્દીધારી' પોતે ૧૦૦ કરોડથી થોડો જ દૂર હોવાની પણ વાતો કરે છે

### અનેક વખત સસ્પેન્ડ અને હાલ જિલ્લા બહાર હોવા છતાં સુરતમાં જ કેમ?

આ જુનિયર કક્ષાનો 'વર્દીધારી' ઘણા વખત નોકરીમાં સસ્પેન્ડ થઇ ચૂક્યો છે અને હાલ સુરત જિલ્લામાં નહીં, પરંતુ અન્ય જિલ્લામાં તેનું પોસ્ટિંગ છે. છતાં, તે સુરતમાં જ પોતાની 'સેટિંગ' ચલાવતો જોવા મળે છે. સવાલ એ છે કે જો તે સુરત જિલ્લાની બહાર તૈનાત છે, તો હજી પણ આખો વખત સુરતમાં કેમ પડયો- પાથર્યો રહે છે?તેના ઉપરીઓ કેમ તેને કોઇ સવાલ નથી કરતા? કે પછી સેટીંગના તાર ઉપર સુધી જોડાયેલા છે?

### લાખોની લક્ઝરી કાર અને 'કાળી કમાણી'નું મોટું સામ્રાજ્ય

નોકરીમાં સાવ જુનિયર કક્ષાએ હોવા છતાં આ 'વર્દીધારી' લાખોની લક્ઝરી કારમાં ફરી રહ્યો છે. તેની પાસે ગેરકાયદે સંપત્તિનો પૂરો જથ્થો છે. પ્રશ્ન એ છે કે આટલી મોટી લક્ઝરી કારો ક્યાંથી આવી? એટલો પૈસો ક્યાંથી આવ્યો? આટલાં વર્ષથી કેટલાં કરોડોનો ગોરખધંધો કરાયો? લાખોની લક્ઝરી કાર અને ગેરકાયદે સંપત્તિની તપાસ થાય તો ઘણું સામે આવશે!

સુરત: IPL સટ્ટા, 'સેટિંગ' અને ગેરકાયદે ઉઘરાણીમાં નામી થયેલો એક 'વર્દીધારી' આજે આખા IPL સટ્ટા પ્રકરણ પર પોલીસની કડપ વધતાં હાંફળોફાંફળો થઇ તેના જ ઉપરીઓથી ડરતો થયો છે! સુરત સટ્ટાનું હબ બનવા તરફ અહેવાલ બાદ પોલીસમાં ખળભળાટ મચ્યો છે, અને હવે આ 'વર્દીધારી' એસી ઓફિસ છોડીને નવાં ઠેકાણે 'સેટિંગ' કરતો જોવા મળી રહ્યો છે.

IPL સટ્ટા, જમીન વિવાદ અને ગેરકાયદે ઉઘરાણીનો માસ્ટરમાઇન્ડ ગણાતા આ જુનિયર કક્ષાનો 'વર્દીધારી'એ પોતાની એસી ઓફિસનું સરનામું બદલી નવું 'હેડક્વાર્ટર' શરૂ કર્યું છે. જોકે, એક તરફ પોલીસ એક્શનમાં આવી હોવાના દાવા કરી રહી છે, તો પણ બીજી તરફ આ કાબુ બહાર બનેલા 'વર્દીધારી'ની હજી પણ 'ડીલ' તો ચાલુ જ છે! પોલીસ તપાસ ટળી રહે તે માટે આ 'વર્દીધારી' હવે સટ્ટાબાજો સાથે વોટ્સએપ દ્વારા જ વાતચીત કરી રહ્યો છે. IPLની મેચોની બેટિંગ માટે શહેરના મોટા બુકીઓ ગજ્જુ, મનોજ, પરશુરામ ગ્રુપ, ફાઈટર ગ્રુપ અને અઘોરી ગ્રુપ સાથે તેનું સીધુ સેટિંગ છે. "મોટા સાહેબ સાથે વાત થઇ ગઇ છે, તમે ડરો નહીં, જેટલી રકમ કહી એટલી પહોંચતી કરો." જેવી ફાંકાબાજી કરીને ગેરકાયદે 'ડીલ'માં પોલીસ સામે 'પ્રોટેક્શન'ની વાહિયાત બાહેંદરી આપતો રહે છે!

### વર્દીધારી 'મોટા સાહેબ'નું નામ વટાવી ખાઇ રહ્યો છે!

આ 'વર્દીધારી' હવે તેના જ વિભાગના મોટા અધિકારીઓનું નામ વટાવી સટ્ટાખોરો પાસેથી હજી પણ ઉઘરાણી કરી રહ્યો છે. IPL સટ્ટાના કિંગપિન ગજ્જુ, મનોજ અને અન્ય બુકીઓને વિશ્વાસ અપાવી રહ્યો છે કે તેની સીધી 'સેટિંગ' થઇ ગઇ છે. ગુજરાતમિત્રના અહેવાલ બાદ સુરત પોલીસએ IPL સટ્ટા મામલે કેટલાક મોબાઇલ ફોન ચેક કરવા શરૂ કર્યા છે. પરંતુ અસલી માસ્ટરમાઇન્ડ પર હજી કાર્યવાહી થઇ જણાતી નથી. 'દાદાની સરકાર' આ અને તેમનું ગૃહ મંત્રાલય ખરેખર જો શહેર- રાજ્યના યુવાધનને સટ્ટાના ખપ્પરમાંથી બચાવવા માંગતુ હોય તો આ 'વર્દીધારી' કિંગપિનને સૌથી પહ્લા જ્વર કરવો જ પડશે.

# સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સિક ડોક્ટરે ભૂલથી એસિડ પી લેતા મોત



**આત્મહત્યાની** વાતો પણ વહેતી થઈ હતી

### પત્નીએ પાણીની બોટલો વચ્ચે એસિડની બોટલ મૂકી હતી

રાજેશભાઈની પત્ની સુરેખાબેન ઘરના રસોડાની સફાઈ કરી રહ્યા હતા. દરમિયાન તેમણે એસિડની બોટલ પાણીની બોટલો વચ્ચે મૂકી હતી. મધરાતે જ્યારે રાજેશભાઈ પાણી પીવા માટે ગયા હતા, તે સમયે તેમણે ભૂલથી એસિડ પી લીધું હતું, તેવું રાજેશભાઈની પત્નીએ પોલીસ સમક્ષ નિવેદન આપ્યું હતું.

### અન્ય બીમારીઓ હતી, ઇન્ફેક્શન વધી જવાથી મોત થયું

રાજેશભાઈને પ્રેસર, ડાયાબિટીસ સહિતની બીમારીઓ હતી. તેમને રિકવરી ઝડપથી આવી ન હતી અને ઇન્ફેક્શન વધી જવાથી 15 દિવસ બાદ તેમનું મોત નિપજ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### ડો.રાજેશ સીકલિવ પર હતા, સ્મીમેરમાં શોકસભા યોજાઈ

ડો.રાજેશના અવસાન બાદ સ્મીમેર હોસ્પિટલમાં શોકસભા રાખવામાં આવી હતી. રાજેશભાઈ સીક લિવ પર હતા, તેવું જાણવા મળ્યું છે.

સુરતઃ સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સિક ડોક્ટરે ભૂલથી એસિડ પી લીધું હતું. 15 દિવસની સારવાર બાદ તેમનું મોત નીપજ્યું છે.

મૂળ મહેસાણાના વતની રાજેશભાઈ નારાયણભાઈ પટેલ (49 વર્ષ) સ્મીમેર હોસ્પિટલ (મેડિકલ કોલેજ)ના ફોરેન્સિક વિભાગમાં પ્રોફેસર (ડોક્ટર) તરીકે નોકરી કરતા હતા. ગત 16મીએ મધરાત્રે રાજેશભાઈએ રસોડામાં એસિડ પી લીધું હતું.

ખાનગી હોસ્પિટલમાં 15 દિવસની સારવાર બાદ મંગળવારે સવારે તેમનું મોત નીપજ્યું હતું. રાજેશભાઈએ એસિડ ભૂલથી પીધું કે આત્મહત્યા કરી તે અંગે લોકોમાં ચર્ચા જોવા મળી છે. 15મી તારીખે રાજેશભાઈએ તેમની પુત્રવધુના પાસપોર્ટ બનાવી તેને કેનેડા પુત્ર પાસે મોકલી હતી, જેના બીજા દિવસે રાજેશભાઈએ એસિડ પી લીધું હતું. તમામ ચર્ચા વચ્ચે અલથાણ પોલીસે ડો.રાજેશની આત્મહત્યાની વાતને ફગાવી દીધી હતી.

**આરટીઇ એડમિશન માટે સમય મર્યાદા વધારી છતાં**

# વાલીઓમાં ફોર્મ ભરવામાં ઉદાસીનતા, 15 દિવસમાં 2200 જ ફોર્મ ભરાયા

**વધુ** ફોર્મ, ઓછી બેઠકો હવે એડમિશન માટે સંકટ બની શકે છે

સુરતઃ શહેરમાં આરટીઈ હેઠળ ફોર્મ ભરવા માટે આવક મર્યાદાની સાથે સમય મર્યાદા વધારવામાં આવી છે.

છતાં વાલીઓમાં એડમિશન માટે ફોર્મ ભરવામાં ઉદાસીનતા જોવા મળી રહી છે. છેલ્લા 15 દિવસમાં 2200 જ ફોર્મ ભરાયા છે. સુરત શહેરમાં આરટીઇ (રાઈટ ટુ એજ્યુકેશન) હેઠળ કુલ 994 શાળાઓ આવેલી છે, જેમાં 15,229 બેઠકો પર એડમિશન આપવામાં આવશે. જોકે, વાલીઓ તરફથી અપેક્ષિત સાથ નથી મળતો તેવું છેલ્લા 15 દિવસમાં જોવા મળ્યું છે.

સરકારે ગત 16 માર્ચે આરટીઇ હેઠળની આવક મર્યાદા વધારી 6 લાખ રૂપિયા કરી હતી. અને સાથે ફોર્મ ભરવાની મુદત પણ 16 એપ્રિલ સુધી લંબાવી હતી. તેમ છતાં, વાલીઓ ફોર્મ ભરવામાં ખાસ રસ લેતા નથી. પ્રારંભિક તબક્કામાં વાલીઓ દ્વારા 24,649 ફોર્મ ભરાયા હતા, પરંતુ છેલ્લા 15 દિવસમાં માત્ર 2,200 ફોર્મ જ આવ્યા છે.

વાલીઓમાં એ જ વિચાર પ્રવર્તી રહ્યો છે કે બેઠકો કરતાં ફોર્મની સંખ્યા ઘણી વધુ થઈ ગઈ છે, જેના કારણે એડમિશન મળવા મુશ્કેલ બનશે.

હવે જોવામાં આવશે કે 16 એપ્રિલ સુધી કેટલી વધુ અરજી ફોર્મ ભરાય છે અને શું સરકાર આ પ્રક્રિયામાં કોઈ નવી જાહેરાત કરીને વાલીઓને વધુ પ્રોત્સાહન આપે છે કે નહીં.

## ડિંડોલીમાં ટેમ્પોની લોનના હપ્તા નહીં ભરી શકાતા 36 વર્ષીય યુવકનો આપઘાત

સુરતઃ ડિંડોલીમાં લોનના હપ્તા સમયસર ભરી નહીં શકતાં યુવકે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી.

ડિંડોલી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રનો વતની જ્ઞાનેશ્વર સંતોષભાઈ પાટીલ (36 વર્ષ) નવાગામ ડીંડોલીમાં જય જલારામ નગરમાં પરિવાર સાથે રહેતો હતો. જ્ઞાનેશ્વર ટેમ્પો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જ્ઞાનેશ્વરે નવો ટેમ્પો લોન પર લીધો હતો, પરંતુ કામ-ધંધો બરાબર નહીં ચાલતા તેના હપ્તા સમયસર ભરાતા ન હતા. જેથી તણાવમાં આવીને જ્ઞાનેશ્વરે ગત 26મીએ બપોરે ઘરમાં ઝેર પી લીધું હતું. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં આજે સવારે તેનું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ ડીંડોલી પોલીસ કરી રહી છે.

# આખા ગામને સલાહ આપતી મનપાની મુગલસરાઈ કચેરીમાં જ ફરી લિફ્ટ ખોટકાઈ

**લિફ્ટ** અવારનવાર ખોટકાતાં મેન્ટેનેન્સનસ ઉપર અને લોકોની સુરક્ષાને લઈને સવાલો ઊભા થયાં

સુરતઃ મોગલસરાઇ કચેરીની લિફ્ટ ખોટકાવાની ઘટના ફરી એકવાર સામે આવી છે. આજે સાંજે 5:30 કલાકે એકાઉન્ટ ડિપાર્ટમેન્ટની લિફ્ટ અચાનક બંધ થઈ ગઈ હતી ત્યારે તેમાં એક વ્યક્તિ ફસાઈ ગયો હતો.અવારનવાર બગળતી લિફ્ટને લઈને તેમાં મેન્ટેનેન્સ થઈ રહ્યુ છે કે કેમ તેવા સવાલો પણ ઉભા થઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતિ મુજબ મોગલસરાઇ ફાયર સ્ટેશનની બાજુમાં આવેલી એકાઉન્ટ બિલ્ડિંગની લિફ્ટ આજે સાંજે 5:30 કલાકે ખોટકાઈ ગઈ હતી.લિફ્ટ બીજા માળ ઉપર આવીને અચાનક અટકી પડી હતી. દરમિયાન આ લિફ્ટનો ઉપયોગ કરી રહેલાં હરે કૃષ્ણ પંચાલ નામનાં એક વ્યક્તિ તેમાં ફસાઈ ગયાં હતા.લિફ્ટ અટકી જવાને કારણે તેઓ ડરી ગયાં હતાં અને તેમનો શ્વાસ પમ રૂંધાવા લાગ્યો હતો. બાદમાં ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવતા મોગલસરાઇ ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાં સ્થળે પહોચી ગયો હતો.ફાયર સબ ઓફિસર બળવંતસિંહે જણાવ્યુ હતુ કે,લિફ્ટમાં ટેકનિકલી ખામી સર્જાતા લિફ્ટ ખોટકાઈ ગઈ હોવાનુ જાણવા મળ્યુ હતું જો કે ફાયરની ટીમે સ્પ્રેડર ટુલ્સનો ઉપયોગ કરીને ફસાયેલાં વ્યક્તિને મુક્ત કર્યો હતો. ઉલ્લેખનિય છે કે, મોગલસરાઇ મુખ્ય કચેરીની લિફ્ટ અવારનવાર ખોટકાઈ જતાં મેન્ટેનેન્સના અભાવને લઈને લોકોની સુરક્ષા ઉપર સવાલો ઉઠી રહ્યાં છે.

## ચેક રિટર્ન કેસમાં કાપડ દલાલને એક વર્ષની સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં કાપડ દલાલને કોર્ટે એક વર્ષની સજા ફટકારી ચેકની બમણી રકમ ચૂકવવા આદેશ આપ્યો હતો. ન્યુ સિટીલાઈટ રોડ નેસ્ટ હાઉસમાં રહેતા અને અભિષેક ટેલિકોમ કંપનીના સીમકાર્ડ ડિસ્ટ્રીબ્યુટરશીપ ધરાવતા ફરિયાદી અભિષેક અનિલકુમાર પાંડે ગ્રેકાપડના વેપારી છે. વેસુ વીઆઈપી રોડ ઉપર સર્જન પેલેસમાં રહેતા આરોપી અભિષેક સુરેશભાઈ નંદવાણી કાપડ દલાલ છે અને તેને 2014-15માં ફરિયાદી પાસે 10 લાખ રૂપિયા ઉછીના લીધા હતા. જેની સામે સિક્યોરિટી પેટે આરોપીએ ફરિયાદીને ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાં જમા કરાવતા રિટર્ન થયો હતો. જેથી ફરિયાદીએ એડવોકેટ વિનય શુક્લા તેમજ વસ્તલ વડેરા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ કાપડ દલાલ અભિષેક સુરેશભાઈ નંદવાણીને તકસીરવાર ઠેરવીને એક વર્ષની સજા ફટકારી હતી. તેમજ ચેકની બમણી રકમ એટલે કે 20 લાખ રૂપિયા ચૂકવવા આદેશ આપ્યો હતો.

# રાજ્યમાં પહેલી વખત સુરતમાં મચ્છરોને ખતમ કરવા ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગનો પ્રારંભ

**જે સ્થળે** મેન્યુઅલી જંતુનાશક દવા છંટકાવ શક્ય નહીં હોય ત્યાં ડ્રોન દ્વારા દવા છંટકાવની કામગીરી કરવામાં આવશે

સુરત : મનપાએ મચ્છરોને ભગાડવા માટે હવે ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કર્યો છે. જેનો શુભારંભ મંગળવારે મેયર દક્ષેશ માવાણીના હસ્તે કરાયો હતો. રાંદેર ઝોનમાં ભેંસાણ ગામમાં આવેલા ડાંગરના ખેતરથી ડ્રોન ઉડાવી આ ટેક્નોલોજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે સ્થળોએ ગ્રાઉન્ડ ટીમો દ્વારા કામગીરી શક્ય ન હોય ત્યાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાનો છંટકાવ કરી મચ્છરોનું નિયંત્રણ કરવામાં આવશે.



(તસવીર : સતીષ જાદવ)

### કેવી રીતે કામ કરશે આ ડ્રોન?

ડ્રોન આર્ટીફીશિયલ AI/ML (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ/ મશીન લર્નિંગ) નાં સોફ્ટવેર આધારીત પ્રોગામ મુજબ મચ્છરનાં ઉત્પતિ સ્થાનો શોધી તેની ઇમેજ ક્લાઉડ-બેઝ પ્લેટફોર્મ પર મોકલે છે અને તેના આધારે ગ્રાઉન્ડ ટીમો જે તે સ્થળે પહોંચી મચ્છરોનાં ઉત્પત્તિ સ્થાનો નાબુદ કરવાની કામગીરી કરે છે. જે સ્થળોએ ગ્રાઉન્ડ ટીમો દ્વારા કામગીરી શક્ય ન હોય ત્યાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાનો છંટકાવ કરી મચ્છરોનું નિયંત્રણ કરવામાં આવશે.

# રિક્ષામાં મુસાફરોની કિંમતી વસ્તુઓની ચોરી કરતી ગેંગના ત્રણ ઝડપાયા

**ઇચ્છાપુર** પોલીસે રોકડ અને રિક્ષા સહિત 80 હજારનો મુદ્દામાલ કબજે કર્યો

સુરતઃ ઈચ્છાપુર પોલીસે રિક્ષામાં લોકોના ખિસ્સામાંથી રોકડ સહિતની કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરતી ગેંગના ત્રણ સભ્યોની ધરપકડ કરી રિક્ષા અને રોકડા રૂપિયા 20 હજાર સહિત કુલ રૂ.80,000નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઈચ્છાપુર પોલીસ પાસેથી મળતી વિગતો સ્ટાફના પોલીસ કર્મીઓને મળેલી બાતમીના આધારે ઓટો રિક્ષામાં લોકોના ખિસ્સામાંથી રોકડ સહિતની કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરતી ગેંગના ત્રણ સભ્યોની ધરપકડ કરી છે. પૂછપરછ કરતાં આરોપીઓ પોતાના નામ બીલાલ મુસ્તાક પટેલ (રહે., બાપુનગર, બોરડી વિસ્તાર, મક્કાઈ પુલ, રાંદેર), જાવીદ ઉર્ફે મીથુન રશીદ શેખ (રહે., ગરીબ નાવજ કોટેજ ચાલી, મદરેસાની સામે, કાલીપુલ આંબાવાડી, જમ્મા મસ્જીદનો ટેકરો, સલાબતપુરા) તથા ફારૂક ઉર્ફે બબ્લુ લુકમાન સૈયદ (રહે., ભેસ્તાન એસ.એમ.સી આવાસ) હોવાનું જણાવ્યું હતું. પકડાયેલા ત્રણેય હિસ્ટ્રીશીટર છે. તે અગાઉ પણ ચોરીના ઘણા કેસોમાં પકડાઈ ચૂક્યા છે. થોડા દિવસ પહેલાં જ ઈચ્છાપુર વિસ્તારમાંથી એક મુસાફરને રિક્ષામાં બેસાડી પૈસા ચોરી લીધા હતા. સીસીટીવી કેમેરાની મદદથી ઓળખણ થયા બાદ ધરપકડ કરવામાં આવી હતી.

# 8 વર્ષથી મજૂરી નહીં વધારનાર મીસ્વા ડાયમંડનાં 500 રત્નકલાકારોની હડતાળ

**ચિંગારી** લાગી ગઇ હોય તેમ હડતાળની આગ જુદા જુદા વિસ્તારમાં પ્રસરવાની શરૂ થઇ

**જ્યાં** પણ મજૂરી વધી નથી ત્યાંના કારીગરો તેમની રીતે હડતાળ કરી રહ્યાં છે



સુરતઃ રત્નકલાકારોને મંદીમાં રાહત પેકેજ આપવા સહિત હીરા ઘસવાની મજૂરીના દરોમાં ભાવ વધારા સહિતની માંગણીઓ સાથે સુરતમાં રત્નકલાકારોની રેલી નીકળ્યા પછી હવે હીરાના કારખાનાઓમાં છૂટા છવાયા સ્તરે હડતાળ શરૂ થઇ છે. જે કારખાના માલિકોએ વર્ષોથી વેતન વધારો અને મજૂરીનો દર વધારો કર્યો નથી ત્યાં હવે કારીગરો સામૂહિક હડતાળ પાડી રહ્યાં છે. સુરતમાં ભાવ વધારાની માંગણી સાથે રત્નકલાકારોની હડતાળનો દોર ચાલુ થયો છે. ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતનાં ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, આજે વરાછા કાપોદ્રા રોડ વિસ્તારની મીસ્વા ડાયમંડ કંપનીમાં 500 થી વધુ રત્નકલાકારોએ 8- 9 વર્ષથી કામ કરતા રત્નકલાકારોને મજૂરીના દરમાં ભાવ વધારો નહીં આપતા તેમણે હડતાળ પાડી કામથી અળગા રહ્યા હતા. રત્નકલાકારોએ અમને ફરિયાદ કરી છે. અમે કલેકટર અને ડેપ્યુટી લેબર કમિશનરને આ ફરિયાદની જાણ કરીશું. મોટી સંખ્યામાં રત્નકલાકારો ભાવ વધારા માટે હડતાળ પાડી હતી, જેમાં મહિલા કારીગરોનો પણ સમાવેશ થાય છે.તમામ રત્નકલાકારો કામથી અળગા રહી હડતાળમાં જોડાયા હતા. સુરતની જેમ નસરીમાં પણ રત્નકલાકારો હડતાળ પર ઉતરી રહ્યા હોવાની જાણ ડાયમંડ વર્કર યુનિયનને કરવામાં આવી છે.

**માધવપુરના મેળાની સંસ્કૃતિથી અવગત કરાવવા માટે**

# ઈન્ડોર સ્ટેડિયમમાં પૂર્વોત્તર રાજ્યો સાથે ગુજરાતના કલાકારોએ ભવ્ય કૃતિઓ રજૂ કરી



(તસવીર : સતીષ જાદવ)

**કાર્યક્રમમાં** પૂર્વોત્તર રાજ્યોના 200 અને ગુજરાતના 200 કલાકારો જોડાયા, એક એકથી ચડિયાતા નૃત્યો રજૂ થયા

### ગુજરાત અને નોર્થ ઈસ્ટના વિવિધ કલાનૃત્યો આકર્ષણનું કેન્દ્ર બન્યા

ઈન્ડોર સ્ટેડિયમમાં નોર્થ ઈસ્ટના વિવિધ કલા નૃત્યોમાં અરૂણાચલનું ટેંગ કો ન્યોન, તાપુ, આસામનું બિહુ અને દાસોઅરી દેલાઈ નાચ, મણિપુરનું પંગ ઢોંગ ઢોલોક ચોલમ, મિઝોરમનું ચોંગ્લેઝવોન, વાંગલા, મેઘાલયનું કોચ, નાગાલેન્ડનું સંગતામ (માકુ હીનચાચી), સિંગઇ/ચોક છમ, તેમાંગ સેલો, સિક્કિમનું ચુટકે, હોજાગીરી, ત્રિપુરાનું મમીતા અને સંગ્રેઈન નૃત્ય રજૂ કર્યા હતા. ગુજરાતના સુરેન્દ્રનગરનો રાસ, મહિસાગર ટ્રાઈબલ નૃત્ય, છોટાઉદેપુરનું રાઠવા, ડાંગનું ડાંગી, જોરાવરનગરનું હુડો, પોરબંદરના ઢાલ તલવાર અને મણિયારો, પોરબંદર ગાંધીનગરનો મિશ્ર રાસ, મોરબીના ગરબા, ભાલ વિસ્તારનું પઢાર મંજીરા નૃત્ય રજૂ કરી કલાકારોએ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

સુરતઃ પોરબંદર જિલ્લાના માધવપુર ખાતે તા.6 થી 10 એપ્રિલ સુધી માધવપુરનો ભાતીગળ મેળો યોજાશે. જેમાં સાંસ્કૃતિક વિરાસતો અને ધરોહરોને જોવા, જાણવા અને માણવાની તક મળશે, ત્યારે સુરતવાસીઓ પણ રાજ્યની આગવી સાંસ્કૃતિક પરંપરાથી અવગત થાય એ માટે સુરતના ઈન્ડોર સ્ટેડિયમ-અઠવાલાઈન્સ ખાતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ પર આયોજિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં પૂર્વોત્તર રાજ્યોના 200 તથા ગુજરાતના 200 કલાકારોએ એક એકથી ચડિયાતી રંગારંગ પ્રસ્તુતિઓ રજૂ કરી હતી.

આ કાર્યક્રમમાં પૂર્વોત્તર રાજ્યો; અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા અને નાગાલેન્ડ અને ગુજરાતના મળી કુલ 400 કલાકારોએ સુરતમાં સૌપ્રથમવાર સંયુક્ત રીતે ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી હતી સુરતવાસીઓ મંત્રમુગ્ધ કર્યા હતા. દેશની બે અલગ અલગ સંસ્કૃતિના કલાકારો દ્વારા સંયુક્ત રીતે પરફોર્મ કરવામાં આવેલી આ સૌથી મોટી સામૂહિક સાંસ્કૃતિક કૃતિઓ હતી. જેને લોકોએ માણી હતી.